ફૂલની ખુશબૂ તમે કોયલનો ટહુકો પણ તમે,
મખમલી ઝાકળ તમે, સૂરજનો તડકો પણ તમે!

સ્મિતની માફક તમે મરકો છો સૌના હોઠ પર,
બાવરી આંખોમાં સળવળતો અચંબો પણ તમે!

એટલે તો ચાલવાનો થાક વરતાતો નથી,
મારી મંજિલ પણ તમે છો, મારો રસ્તો પણ તમે!

બસ તરીને પાર ઊતરું, ક્યાંક હું ડૂબી મરું,
મારી હોડી પણ તમે, તોફાની દરિયો પણ તમે!

ધીકતો સૂરજ કદી ઊગે તમારી આંખમાં,
વાદળી થઈને કદી ધારો તો વરસો પણ તમે!

કેટલાં ફરમાન પર ફરમાન છૂટે છે તરત
જાવ, કૈ'ને પાછા અંતરિયાળ રોકો પણ તમે!

બસ ખલીલ એથી વધુ શું જોઈએ તમને હવે,
નામના સિક્કા પડે ને ચલણી સિક્કો પણ તમે!

■

લો જણાવી દઉં હું મારા દિલની ખ્વાહિશ આપને,
આપ ચાહો કે ન ચાહો હું તો ચાહીશ આપને!

કોઈ પણ ઇચ્છા નથી, ઇચ્છીશ તો ઇચ્છીશ આપને,
ક્યાંક ઈશ્વર માગવા કહેશે તો માગીશ આપને!

ફૂલ, કૂંપળ ડાળ કોયલ પાંદડું ને આપ ખુદ,
ધારવા માટે મને કહેશો તો ધારીશ આપને!

આપની આ ચહેરાદારીને હું આપીશ છંદોલય,
હું ગઝલની જેમ શણગારીશ મઠારીશ આપને!

મૌન પણ જળવાશે, કહેવા જેવું કહેવાઈ જશે,
આપ મારી શાયરી વાંચો હું વાંચીશ આપને!

રાતભરની કરવટોની કંઈ વિગત આપો મને,
હુંય ચાદર પરની કરચલીઓ ગણાવીશ આપને.

એમને કૈ દો ખલીલ અળગા નહીં રાખું કદી,
ક્યાંક ઓઢીશ, ક્યાંક પહેરણ જેમ પહેરીશ આપને!

■

આ સહનશક્તિ સલામત પણ નથી,
ને મને રડવાની આદત પણ નથી!

દુઃખ નથી ઝાઝું કે જે તમને કહું,
વાત કરવા જેવી રાહત પણ નથી!

મારાં ભયસ્થાનો જહન્નુમથી અલગ,
મારી ઇચ્છાઓમાં જન્નત પણ નથી!

તે છતાં હું મારા ઘરને ઘર કહું,
ઘરને ભીંતો પણ નથી, છત પણ નથી!

એ જ તો ફૂલો વિશે ચર્ચા કરે,
જેમને ફૂલોની સોબત પણ નથી!

તડકો ઓઢ્યો, પાથર્યો, પહેર્યો છે મેં,
છાંયડા સાથે તો નિસબત પણ નથી!

જે ખલીલ આપે અને કહેતા ફરે,
એવા મિત્રોની જરૂરત પણ નથી!

■

નાનકડું ખાબોચિયું મેં દરિયામાં જોયું,
આ સ્વપનું પણ ગઈ કાલે સ્વપનામાં જોયું!

દરવાજા પર ઊભા'તા બે ચોકીદારો,
ઘર પછવાડે બાકોરું કિલ્લામાં જોયું!

એની આંખોની મસ્તીને પીતાંપીતાં,
વાવાઝોડું મેં ચાના પ્યાલામાં જોયું!

મેં પણ ખાલી ખુશ કરવા છબછબિયાં કીધાં,
જ્યાં પણ ટીપું મૃગજળ મેં જેનામાં જોયું!

દુનિયા આખી રગદોળીને જાણી લીધું,
ઘરમાં જોયું, સમજો કે દુનિયામાં જોયું!

દીવો પોતે અજવાળાને ઠોકર મારે,
એવું કાળું અંધારું શ્રદ્ધામાં જોયું!

આખા રકબાને છોડો ધનતેજી સાહબ,
ફળિયાની શી હાલત છે ફળિયામાં જોયું?

■

હવે ધરખમ સુરક્ષામાં રહું છું,
દુવાઓના ઇલાકામાં રહું છું!

નથી તો પણ હું ચર્ચામાં રહું છું,
બસ આમ એના જ ફળિયામાં રહું છું!

નજરથી દૂર થઈ શકતો નથી હું,
એની આંખોના રકબામાં રહું છું!

નથી ડર દાઝવા કે ડૂબવાનો,
નર્યા ઝાકળના દરિયામાં રહું છું!

નથી હું મોલવી, પંડિત નથી હું,
હું કાશીમાં ને કાબામાં રહું છું!

અધૂરા પ્રેમની ઘટનાની માફક,
કહાનીમાં ને કિસ્સામાં રહું છું!

ખલીલ એ છાંયડો ઝંખે છે મારો,
હમેશાં હું તો તડકામાં રહું છું!

■

હોઠ બંધ રાખીશ તો વાચાળ આંખો બોલશે,
આંખ પાંપણ ઢાળશે તો આખો ચહેરો બોલશે!

આપણું શું જાય છે, છો ને બધા બોલ્યા કરે,
બોલવાની ટેવ છે લોકોને લોકો બોલશે!

પ્રેમમાં આ કેવી શ્રદ્ધા કે મને લાગ્યા કરે,
કોક દિ’ તો ભીંતે લટકાવેલો ફોટો બોલશે!

હોળી પ્રગટી પણ ખરી ને હોલવાઈ પણ ખરી,
પણ હવે મહિના સુધી રસ્તાનો ખાડો બોલશે!

અર્ધી કાઠી પર લટકવા માંડશે આખું જગત,
જે દિવસ સરહદ વટાવીને ત્રિરંગો બોલશે!

એટલી મારી ફરજ કે હું સતત ચાલ્યા કરું,
મારી મંજિલ ક્યાં છે એ તો ખુદ આ રસ્તો બોલશે!

ફૂલ ચૂપ રહેશે ખલીલ આ ખુશબૂ કંઈ બોલે નહીં,
બાગની ઘટના વિશે શાયદ આ કાંટો બોલશે!

■

સૌ પ્રથમ આ જર્જરિત સ્વપ્ના બદલ,
એ પછી તું નિત નવા ચહેરા બદલ!

એ અચાનક મળવાને આવી ચડે,
જલદીથી ચાદર બદલ તકિયા બદલ!

વાળીઝૂડી સાફ કર વાસીપણું,
બારીઓ પરના બધા પડદા બદલ!

ભીંત પરનાં ચિત્રો માટે એમ કર,
અડધાં રાખી મૂક ને અડધાં બદલ!

વેશ બદલ્યો તોય તું એવો જ છે,
વાતનો લહેકો બદલ ભાષા બદલ!

સોચ બદલે તો જ બદલાશે બધું,
તું જરા દૃષ્ટિ બદલ ચશ્માં બદલ!

જો ખલીલ આ એમની તસવીર પણ,
છે સરસ પણ એમ કર જગ્યા બદલ!

■

ગુજારી લઈએ આજે રાત સાથે,
તમે સંમત છો મારી વાત સાથે!

મને ખુદને હું ઓળખવા મથું છું,
સતત વાતો કરું છું જાત સાથે!

ટકોરા કારગત નીવડ્યા નથી જ્યાં,
ઉઘાડ્યાં બારણાં ત્યાં લાત સાથે!

ઘણી વેળા એવી ઘટના બને છે,
જનાજો નીકળે બારાત સાથે!

પછી સમજો કે શું છે જાતવાનો,
રહો થોડા દિવસ કમજાત સાથે!

નજર નીચી કરીને દાન આપો,
ઘમંડ છલકાય ના ખેરાત સાથે!

ખલીલ એની નજર જ્યારે મળી છે,
મળી છે સ્મિતની સોગાત સાથે!

■

જાતમાં ભૂલા પડેલા આપણે,
ક્યાંક ત્રિભેટે મળેલા આપણે!

ભરવસંતે પાનખરની ગોદમાં,
ઊંચી ડાળેથી ખરેલા આપણે!

ઠોકરો ખાતા રહ્યા પાણીમાં પણ,
ધૂળની નજરે ચડેલા આપણે!

ફૂલની રંગત ઉપર તૂટી પડ્યા,
ખુશબૂથી ઘાયલ થયેલા આપણે!

આપણે મૃગજળના પરપોટા હતા,
ધોમ તડકાએ ઘડેલા આપણે!

એક પણ સાકાર ના પામી શક્યું,
કેટલાં સ્વપ્નાં રચેલાં આપણે!

ડૂબકી મારીને ખોવાયા પછી,
દૂરના કાંઠે જડેલા આપણે!

ના ખલીલ એ વાંક બીજાનો નથી,
એકબીજાને નડેલા આપણે!

મારે તો જલસા રોજ લગાતાર કેટલા,
તારે વરસમાં બોલ રવિવાર કેટલા!

તારા નગરનું નામ ચિરાગોની સલ્તનત,
છણકા કરે છે તોય જો અંધકાર કેટલા!

જ્યાં ટેરવેથી જાતે ટકોરા ખરી પડે,
એવા નિકટનાં બોલ અહીં દ્વાર કેટલાં!

ઘર એક પણ બધાના અહીં ઓરડા અલગ,
ઘરમાં જ આંદામાન નિકોબાર કેટલા!

દુશ્મન તો એક હોય તો પૂરતો છે એક પણ,
મિત્રો તો સેંકડો છે, મદદગાર કેટલા!

ના પણ ખલીલ કોણ અહીં તારું માનશે,
એના નગરમાં તારા તરફદાર કેટલા!

■

જ્યારે તારા શહેરનો નકશો મળી જાશે મને,
તારા ઘરનો એ પછી રસ્તો મળી જાશે મને!

એટલે લાંબી કતારે આયના ઊભા કર્યા,
ક્યાંક મારો આગવો ચહેરો મળી જાશે મને!

ભાળ કોયલની મળી બસ એટલું ઓછું છે કંઈ,
બસ હવે ટહુકો રહ્યો, ટહુકો મળી જાશે મને!

ગુમ થયેલા પ્રેમીને ગિરનારમાં શોધું છું હું,
ચીપિયો ખખડાવતો બાવો મળી જાશે મને!

માયાનગરીના ઝવેરી પાસે તો શું શું નથી,
હીરા જેવો કાચનો ટુકડો મળી જાશે મને!

જાણે છે મારી તરસ વીફરે તો છેવટ શું થશે!
હું નદી માગીશ ને દરિયો મળી જાશે મને!

બસ ખલીલ આજે તો શુક્કરવારીમાં જાવું જ છે,
શહેરમાં પણ ગામના લોકો મળી જાશે મને!

■

ધારો કે તારી આંખમાં ડૂબી જવાય તો,
ક્યારેક પાછું દિલ સુધી પહોંચી જવાય તો!

મારોય તારી જેમ ભુલકણો સ્વભાવ છે,
બંનેથી એકબીજાંને ભૂલી જવાય તો!

કાયમ આ તારી આંખમાં રહેવું ગમે છે પણ,
અશ્રુની જેમ લાગલું તૂટી જવાય તો!

સ્વપ્નામાં તો તું આવશે તારી ફિકર નથી,
તકલાદી મારી ઊંઘ છે, જાગી જવાય તો!

તડકામાં મારી સાથે તું ચાલીશ ક્યાં સુધી,
રસ્તામાં કોક છાંયડે બેસી જવાય તો!

જ્યાંત્યાં મારી તરસને હું રમતી નહીં મૂકું,
ડર છે, કશુંક ઝેર જેવું પી જવાય તો?

એણે ખલીલ મળવાનું કીધું તો છે ખરું,
પણ ટ્રેન નવ પચીસની ચૂકી જવાય તો!

■

સીધા રસ્તે પણ વળાંક આવે તો શું કરશો તમે,
કોઈ સુંદર દશ્ય લલચાવે તો શું કરશો તમે!

અજનબી સાથી, અજાણ્યું ઘર ને સામે રાત હો,
તમને ના ફાવે તો શું? ફાવે તો શું કરશો તમે!

જિન્દગીભર ખુદને પણ ચાહ્યો નથી જેણે કદી,
એ પ્રણયનું દર્દ સમજાવે તો શું કરશો તમે!

ખુલ્લા દિલથી જ્યાં નિખાલસ વાત કરવી હોય ત્યાં
સામેવાળો શબ્દોને ચાવે તો શું કરશો તમે!

જે તમે બોલ્યા છો, એના પર દબાણ આવે તો શું!
કોઈ જો બોલેલું બદલાવે તો શું કરશો તમે!

વર્ષોના અણનમ અબોલા લઈને બેઠા હોય જે,
એ અગર સામેથી બોલાવે તો શું કરશો તમે!

પણ ખલીલ આમેય માથું નમવા ક્યાં દો છો તમે,
કોઈ તમને હાર પહેરાવે તો શું કરશો તમે?

■

આવા બને છે ઊંઘના નકશા વિચારમાં,
ચાદર, પલંગ, રજાઈ ને તકિયા વિચારમાં!

પહેલાં તો ઊંઘમાં જ ફક્ત આવતાં હતાં,
આજે તો યાર આવે છે સ્વપ્નાં વિચારમાં!

બીજી તો કોઈ વાતની ચિંતાફિકર નથી,
ચટકા ભરે છે તારી તમન્ના વિચારમાં!

વરસાદની કે હોય એ વાદળની ઝંખના,
ધસમસતા દોડી આવે છે તડકા વિચારમાં!

હું એ રીતે વિચારું છું તારા વિશે સતત,
જાણે કે રણને આવે છે દરિયા વિચારમાં!

તૂટે નજરની સામે ખલીલ આયનો કદી,
દિલના હજાર થાય છે ટુકડા વિચારમાં!

■

હોઠ પર આ સ્મિત ને આંખોમાં પણ તોફાન છે,
હે હૃદય સંભાળજે જીવલેણ કારસ્તાન છે!

યાદોને રમતી મૂકી દીધી છે, શું ધાર્યું છે તેં,
મારું દિલ શું તારે માટે રમવાનું મેદાન છે!

એક એવા સ્થાન પર હું આવી પહોંચ્યો છું હવે,
કોઈ જો ટીકા કરે તો મારું એ સન્માન છે!

યાદ બેચેની ઝુરાપો પ્રેમ પીડા લાગણી,
એ બધાં મારા હૃદયના કાયમી મહેમાન છે!

જે દિશાએ હું ને તું ઊભાં સજોડે ત્યારથી,
એ તરફ સૌની નજર છે, ત્યાં જ સૌનું ધ્યાન છે!

રણ અને જંગલની નિર્જનતા ઘણી ઓછી પડે,
એ હદે આ પ્રેમની દુનિયા હજી વેરાન છે!

પણ ખલીલ આ આબરૂ ઇજ્જત અને આ શાયરી,
મહેરબાની છે ખુદાની, ઈશ્વરી વરદાન છે!

■

કદી અંતિમ સફરના ને કદી બારાતના માણસ,
રહે છે એક માણસમાં અનેરી જાતના માણસ!

ઉદાસી લઈને આનંદ આપવા બેઠા છીએ જગમાં,
કે અમને ઓળખે છે સૌ, અમે ખેરાતના માણસ!

તમે સ્વપ્નાં ન મોકલશો, અહીં નિન્દર નથી હોતી,
અમે તો હરહંમેશાં જાગરણની રાતના માણસ!

અમે તો સામી છાતીના પ્રહારો ઝીલવાવાળા,
હજી તૂટ્યા નથી આઘાત પ્રત્યાઘાતના માણસ!

ડુબાડી ગઈ છે છેવટ એમને મૃગજળની ભ્રામકતા,
હતા દરિયા ઉપર કાયમ એ ઝંઝાવાતના માણસ!

કદી કરવી પડે ઘી કાઢવાને આંગળી વાંકી,
એ વાતોથી નહિ માને હમેશાં લાતના માણસ!

અમારે 'સૂર્યમુખી' છે, અમારે 'સાયબા' પણ છે,
અમે તો 'સાદગી' 'સારાંશ'ને 'સોગાત'ના માણસ!

ખલીલ આવે નમન કરવા બધી ફૂલોભરી ડાળો,
અમે રંગરૂપના માણસ, અનેરી ભાતના માણસ!

■

ચોતરફ ગોળગોળ છે દુનિયા,
કોની આ શોધખોળ છે દુનિયા!

જાવ નજદીક તો છે ખરબચડી,
દૂરથી જો સુડોળ છે દુનિયા!

આ બધા એમ સમજી બેઠા છે,
હું જ શાણો, ડફોળ છે દુનિયા!

તું હસે ત્યારે એમ લાગે છે,
મારી પર ઓળઘોળ છે દુનિયા!

તારી ચૂંદડીને જોઈને લાગ્યું,
કેટલી લાલચોળ છે દુનિયા!

આમ કડવી છે ઝેરની માફક,
આમ સાકર ને ગોળ છે દુનિયા!

તોય જોને ખલીલ ચસકે છે,
ક્યારની ડામાડોળ છે દુનિયા!